મહેસૂલી કર્મીઓ સરકારી વોટ્સએપ ગ્રુપમાંથી લેફ્ટ

પડતર માંગણીઓ નહીં સંતોષાય તો 7 ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળ પર

ક્લાર્ક, તલાટી, નાયબ મામલતદાર સહિત 500 કર્મચારીઓ સોમવારે માસ સીએલ પર ઊતરશે

સુરતઃ સુરત જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળ દ્વારા પડતર માંગણીઓનો ઉકેલ નહીં આવે તો આંદોલન ઉગ્ર બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. મહેસૂલી કર્મચારીઓએ આગામી ૭ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળ પર જવાનો નિર્ણય કર્યો છે. આ લડતના ભાગરૂપે આજે કર્મચારીઓ સરકારી વોટ્સએપ ગ્રુપમાંથી લેફ્ટ થયા હતા.

આ લડતના ભાગરૂપે સોમવાર, તા. ૫ ઓક્ટોબરે સુરત જિલ્લામાં ક્લાર્ક, તલાટી, નાયબ મામલતદાર સહિતના આશરે ૫૦૦ મહેસૂલી કર્મચારીઓ સામૂહિક રજા (માસ સીએલ) પર ઉતરશે. સુરત જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળના પ્રમુખ જલ્પા ઉપાધ્યાય સહિતના હોદ્દેદારોએ આજે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી પડતર પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ લાવવાની રજૂઆત કરી હતી. સાથે જ કર્મચારીઓ દ્વારા તબક્કાવાર આંદોલનના કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવી છે. આ કાર્યક્રમ મુજબ ૩ ઓક્ટોબરે સવારે ૧૧ વાગ્યાથી તમામ મહેસૂલી કર્મચારીઓ કચેરીના સત્તાવાર WhatsApp ગ્રૂપમાંથી લેફ્ટ થશે. આ સાથે કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરીને ફરજ બજાવી વિરોધ નોંધાવશે. ત્યારબાદ ૫ ઓક્ટોબરે ક્લાર્ક, તલાટી, નાયબ મામલતદાર સહિતના આશરે ૫૦૦ કર્મચારીઓ માસ સીએલ પર ઉતરી જશે. જો તેમ છતાં પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો ૭ ઓક્ટોબરથી સમગ્ર રાજ્યની સાથે સુરત જિલ્લામાં પણ મહેસૂલી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરશે.

આ ઉપરાંત આંદોલન દરમિયાન કર્મચારીઓ 'વર્ક ટુ રૂલ' મુજબ કામગીરી કરશે અને તમામ જાહેર રજાઓમાં સરકારી કામગીરીથી અળગા રહેશે. મહેસૂલી કર્મચારીઓના તબક્કાવાર આંદોલનને પગલે આગામી દિવસોમાં કલેક્ટર કચેરી, મામલતદાર કચેરીઓ સહિતની મહેસૂલી કામગીરી પર અસર થવાની શક્યતા છે. ખાસ કરીને સોમવારે સામૂહિક રજાને કારણે મહેસૂલી કચેરીઓમાં કામગીરી મર્યાદિત રહેવાની સંભાવના છે. ૭ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળ શરૂ થશે તો રોજિંદી મહેસૂલી સેવાઓ અને અરજીઓના નિકાલ સહિતની કામગીરી પર તેની સીધી અસર પડી શકે છે.

હડતાળથી કઈ કામગીરીને અસર થઈ શકે?

કામગીરી	સંભવિત અસર
7/12, 8-A અને VF-6ની નકલ	નવી નકલ મેળવવામાં અથવા રેકોર્ડ અપડેટ કરવામાં વિલંબ
જમીનની ફેરફાર નોંધ (Mutation Entry)	વારસાઈ, વેચાણ, વહેંચણી, ભેટ વગેરેની નોંધની પ્રક્રિયા ધીમી/સ્થગિત થઈ શકે
135-D નોટિસ અને વાંધા પ્રક્રિયા	ફેરફાર નોંધ સંબંધિત નોટિસ અને વાંધાની કાર્યવાહી અટકી શકે
જમીન રેકોર્ડમાં નામ ફેરફાર	ખરીદી-વેચાણ બાદના રેકોર્ડ અપડેશનમાં વિલંબ
વારસાઈ નોંધ	વારસદારોના નામ દાખલ કરવાની કામગીરી અસરગ્રસ્ત થઈ શકે
આવક પ્રમાણપત્ર	નવી અરજીઓની ચકાસણી અને નિકાલમાં વિલંબ
રહેઠાણ/ડોમિસાઇલ પ્રમાણપત્ર	ચકાસણી તથા મંજૂરી પ્રક્રિયા ધીમી પડી શકે
જાતિ પ્રમાણપત્ર સંબંધિત મહેસૂલી કામગીરી	જરૂરી ચકાસણી/રિપોર્ટમાં વિલંબ થઈ શકે
ખેડૂત અને જમીન સંબંધિત અરજીઓ	અરજીની તપાસ અને નિકાલમાં વિલંબ
જમીન માપણી/રેકોર્ડ સંબંધિત કામ	સંબંધિત મહેસૂલી પ્રક્રિયામાં વિલંબ થઈ શકે
સરકારી જમીન સંબંધિત કામગીરી	તપાસ, નોંધ, રિપોર્ટ અને ફાઇલ પ્રક્રિયા ધીમી પડી શકે
જમીન હક/કબજા સંબંધિત કેસો	રેકોર્ડ અને પ્રાથમિક કાર્યવાહી પર અસર થઈ શકે
મામલતદાર કચેરીની અરજીઓ	ફાઇલ સ્વીકાર્યા બાદની તપાસ અને નિકાલની ગતિ ઘટી શકે
રેવન્યુ કોર્ટ/વિવાદ સંબંધિત કામગીરી	ક્લેરિકલ અને કેસ-પ્રોસેસિંગ કામગીરીમાં વિલંબ થઈ શકે
વિવિધ સરકારી યોજનાઓ માટે મહેસૂલી પ્રમાણપત્રો	જરૂરી પ્રમાણપત્ર/ચકાસણી સમયસર ન મળતાં લાભાર્થી પ્રક્રિયામાં વિલંબ થઈ શકે

SIR બાદ સુરતમાં સતત સુધારણામાં 27,857 નવા મતદારો ઉમેરાયા

4.86 લાખમાંથી 12.25 લાખ મતદારો ઘટ્યા બાદ સંખ્યા 36.39 લાખે પહોંચી હતી, હવે વધીને 36.67 લાખ

11 ઓક્ટોબરથી ચાર દિવસ ખાસ ઝુંબેશ, ચાર રવિવારે બુથ પર BLO હાજર રહેશે

સુરતઃ ભારતના ચૂંટણી પંચ દ્વારા SIRની કામગીરી પૂર્ણ થયેલા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદારયાદીમાં નોંધણીથી બાકી રહી ગયેલા તેમજ નવા અને પ્રથમ વખત મતદાર તરીકે પાત્ર બનેલા નાગરિકોને મતદારયાદીમાં સામેલ કરવા માટે ખાસ ઝુંબેશ યોજવાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. SIR પહેલાં સુરત જિલ્લામાં કુલ 48,64,042 મતદારો નોંધાયેલા હતા. SIR દરમિયાન આશરે 12.25 લાખ મતદારોની બાદબાકી થયા બાદ અંતે મતદાર સંખ્યા 36,39,042 રહી હતી. ત્યારબાદ સતત સુધારણા પ્રક્રિયામાં અત્યાર સુધીમાં 27,857 નવા મતદારો ઉમેરાતા હાલ કુલ મતદારોની સંખ્યા 36,66,896 થઈ છે.

સુરત જિલ્લામાં પણ ચાર દિવસ વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. ચૂંટણી પંચ દ્વારા નક્કી કરાયેલા કાર્યક્રમ મુજબ 11 ઓક્ટોબર, 18 ઓક્ટોબર, 25 ઓક્ટોબર અને 1 નવેમ્બર, 2026ના રોજ ખાસ ઝુંબેશ યોજાશે. આ ચારેય દિવસે જિલ્લાના તમામ મતદાન મથકો ખાતે સવારે 10થી સાંજે 5 વાગ્યા સુધી બુથ લેવલ ઓફિસર (BLO) હાજર રહેશે અને મતદારોના હક્ક-દાવાઓ તથા મતદારયાદી સંબંધિત અરજીઓ સ્વીકારશે. જે નાગરિકોના નામ SIR દરમિયાન મતદારયાદીમાં નોંધાઈ શક્યા ન હોય, નવા 18 વર્ષ પૂર્ણ કરનારા પાત્ર નાગરિકો તેમજ મતદારયાદીમાં નામ, સરનામું સહિતના સુધારા કરાવવા ઇચ્છતા મતદારો આ ખાસ ઝુંબેશનો લાભ લઈ શકશે.

જિલ્લા હેલ્પલાઇન નંબર 1950 પર સંપર્ક કરી માહિતી મેળવી શકાશે

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સુરત જિલ્લાના બાકી રહેલા પાત્ર મતદારોને નિર્ધારિત ખાસ ઝુંબેશના દિવસોમાં પોતાના સંબંધિત મતદાન મથકની મુલાકાત લઈ મતદારયાદીમાં નામ નોંધાવવા અથવા જરૂરી સુધારા કરાવવા અનુરોધ કરવામાં આવ્યો છે. મતદારયાદી અંગે કોઈ પ્રશ્ન કે માર્ગદર્શનની જરૂર હોય તો જિલ્લા હેલ્પલાઇન નંબર 1950 પર સંપર્ક કરી માહિતી મેળવી શકાશે.

કઈ વિધાનસભામાં કેટલા મતદારો

વિધાનસભા	કુલ મતદાર
ઓલપાડ	3,74,437
માંગરોળ	2,06,806
માંડવી	2,29,297
કામરેજ	4,30,252
સુરત પૂર્વ	1,71,380
સુરત ઉત્તર	1,17,960
વરાછા	1,28,579
કરંજ	1,00,661
લિંબાયત	2,11,318
ઉધના	1,66,851
મજુરા	1,96,411
કતારગામ	2,39,184
સુરત પશ્ચિમ	2,15,982
ચોર્યાસી	4,34,855
બારડોલી	2,22,786
મહુવા	2,10,137
કુલ	36,66,896

લાજપોર જેલમાં વિજિલન્સના દરોડા, 14 મોબાઈલ અને 9 સિમ કાર્ડ મળ્યાં

બાથરૂમ, વોશબેસિન, ડબ્બા નીચે અને કેદીના ખિસ્સામાંથી મોબાઇલ-સિમ કાર્ડ મળ્યા, જેલની સુરક્ષા સામે સવાલો

સુરતઃ ચકચારી ભાજપ કાર્યકર્તા જય દલાલ અને સતીશ મરાઠા હત્યા કેસના તાર લાજપોર મધ્યસ્થ જેલ સુધી લંબાયેલા હોવાનું બહાર આવ્યું હતું. જે બાદ પણ લાજપોર જેલમાં વિજિલન્સ વિભાગમાં અચાનક મોડી રાત્રે દરોડા પાડતા અલગ અલગ બેરેકના બાથરૂમમાં ડોલની નીચે, વોશબેસિન પાસે, શૌચાલયના દરવાજા પાછળ તેમજ કેદીના પેન્ટના ખિસ્સામાંથી 11 જેટલા મોબાઈલ અને 9 એક્ટિવ સીમકાર્ડ મળી આવ્યા હતા જે બાદ જેલ પ્રશાસને તપાસ કરી વધુ 3 મોબાઈલ શોધી કાઢ્યા હતા.

મળતી માહિતી મુજબ પોલીસ મહાનિદેશક, જેલ અને સુધારાત્મક વહીવટ, ગુજરાત રાજ્યના આદેશ બાદ અમદાવાદથી આવેલી વિજિલન્સ જડતી સ્ક્વોડે લાજપોર જેલમાં ગત 2જીની રાત્રિના સમયે ઓચિંતી તપાસ હાથ ધરી હતી. જેલર દેવશીભાઈ કરંગીયાની આગેવાની હેઠળની ટીમે વિવિધ યાર્ડ અને બેરેકોમાં સઘન ચેકિંગ કર્યું હતું. તપાસ દરમિયાન યાર્ડ નં. સી-8ની બેરેક નં.1ના બાથરૂમમાં ડોલની નીચે પ્લાસ્ટિકની થેલીમાં વીંટાળીને સંતાડેલા મોબાઈલ મળી આવ્યા હતા. બેરેકની બહાર વોશબેસીન પાસે ચાર્જિંગમાં મુકાયેલા મોબાઈલ પણ મળી આવ્યાં હતા. આ ઉપરાંત કાચા કામના આરોપી રમાકાંત ઉર્ફે ભોલા ગહેજુ રઈદાસની અંગઝડતી લેતાં તેના પેન્ટના જમણા ખિસ્સામાંથી મોબાઈલ ફોન મળી આવ્યો હતો. યાર્ડ નં. સી-3 અને સી-11ની બેરેકોમાં પણ શૌચાલયના દરવાજા પાછળ તથા પ્લાસ્ટિકના ડબ્બા નીચે છુપાવેલા મોબાઈલ મળી આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. પકડાયેલા 11 મોબાઈલ ફોન સાથે 9 સક્રિય સિમકાર્ડ પણ મળી આવ્યાં છે. આ બાદ ઊંઘતી ઝડપાયેલા જેલ તંત્ર દ્વારા સફાળી તપાસ કરી વધુ 3 મોબાઈલ શોધી કાઢ્યા હતા. કેટલાક ફોન પાસવર્ડ લોક હોવાના કારણે તેમાં રહેલી માહિતીની તપાસ બાકી હોવાનું જાણવા મળ્યું છે. લાજપોર જેલ જેવી સુરક્ષિત જગ્યામાં વિવિધ સ્થળોએ મોબાઈલ ફોન મળી આવતાં આ પ્રતિબંધિત સાધનો જેલની અંદર કેવી રીતે પહોંચ્યા તે મુદ્દો મહત્ત્વનો બન્યો છે. મોબાઈલ કયા કેદીઓના ઉપયોગમાં હતા, તેના મારફતે કોની સાથે સંપર્ક કરવામાં આવતો હતો તે અંગે તપાસ જરૂરી બની છે. જપ્ત કરાયેલા 11 મોબાઈલની ફોરેન્સિક તપાસ કરાવી તેમાં રહેલી કોલ ડિટેઈલ, સંપર્કો, ડિજિટલ માહિતી મેળવવા તપાસ આગળ વધારવામાં આવી રહી છે.

તુર્કીમાંથી નવપ્રીત સિંહનું ડિપોર્ટેશન, એજન્સીઓને અમિત શાહના અભિનંદન

નવપ્રીત સિંહ કુખ્યાત નાર્કો-ટ્રાફિકિંગ કિંગપિન છે, અમિત શાહે ટ્વીટર પર મેસેજ મૂક્યો

અગાઉની સરકારોમાં રાજકીય ઈચ્છાશક્તિ નહોતી

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તુર્કીમાંથી કુખ્યાત નાર્કો-ટ્રાફિકિંગ કિંગપિન નવપ્રીત સિંહના ડિપોર્ટેશનને સુનિશ્ચિત કરીને એક ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કરવા બદલ તમામ એજન્સીઓને અભિનંદન પાઠવ્યા છે. X પ્લેટફોર્મ પરની તેમની પોસ્ટમાં, કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું કે "મોદી સરકારે તુર્કીમાંથી કુખ્યાત નાર્કો-ટ્રાફિકિંગ કિંગપિન નવપ્રીત સિંહના ડિપોર્ટેશનને સુરક્ષિત કરીને એક ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે. નવાબ વિર્કની ખોટી ઓળખ હેઠળ તુર્કીની નાગરિકતા મેળવીને, તે અફઘાનિસ્તાનથી ભારત સુધી હેરોઈન અને મેથામ્ફેટામાઈનની દાણચોરી કરવાનું ચાલુ રાખતો હતો. આપણી એજન્સીઓએ તેની સાચી ઓળખ બહાર લાવવા માટે એક પછી એક પડદો ઉઠાવીને તેને શોધી કાઢ્યો અને તેનું ડિપોર્ટેશન સુનિશ્ચિત કર્યું. આજે તેને ભારત પાછો લાવવામાં આવ્યો છે અને ડ્રગ્સની દાણચોરી તથા અન્ય અપરાધો કે જેમાં તે આરોપી છે તે સંબંધિત કેસોમાં તેને જેલ પાછળ ધકેલી દેવામાં આવ્યો છે.

આ સફળતા માટે તમામ એજન્સીઓને અભિનંદન. મોદી સરકાર ડિસેમ્બર 2029 પહેલાં દરેક નાર્કો-કાર્ટેલને નેસ્તનાબૂદ કરવા માટે પ્રતિબદ્ધ છે." અગાઉની સરકારોમાં ભાગેડુઓને પાછા લાવવાની રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ હતો; મોદી સરકારે ભાગેડુઓના પ્રત્યાર્પણને 'રાષ્ટ્રીય પ્રાથમિકતા' બનાવી છે.

સમરસ કન્યા છાત્રાલયમાં પાણી-ભોજનની સમસ્યાઓ અંગે કલેક્ટરને રજૂઆત

એક મહિનાથી વધુ સમય પહેલાં અપાયેલા આશ્વાસનોનો અમલ નહીં થતાં વિદ્યાર્થિનીઓમાં રોષ

સુરતઃ સુરતની સમરસ કન્યા છાત્રાલયમાં રહેતી વિદ્યાર્થીનીઓને ભોજન, પાણી, સ્વચ્છતા તેમજ વહીવટી વ્યવસ્થાને લગતી વિવિધ સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો હોવાની રજૂઆત સાથે આજે કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓના જણાવ્યા મુજબ, અગાઉ પણ આ સમસ્યાઓ અંગે રજૂઆત અને આંદોલન કરવામાં આવ્યું હતું અને અનેક બાબતોના ઉકેલ માટે આશ્વાસનો આપવામાં આવ્યા હતા. જોકે એક મહિનાથી વધુ સમય વીતી ગયા બાદ પણ અનેક આશ્વાસનોનો અમલ થયો નથી.

તાજેતરમાં ભોજનમાંથી ઈયળ મળી આવ્યાની ઘટના બન્યા બાદ યોગ્ય તપાસ અને મોનિટરિંગ વ્યવસ્થા ઊભી કરવાની માંગ કરવામાં આવી છે. અગાઉ જાહેર કરાયેલી 15 વિદ્યાર્થિનીઓની મેનુ કમિટી હજુ રચાઈ નથી, જ્યારે કોમન કીટલ અને કોમન પેન્ટ્રીની સુવિધા અંગે પણ અમલ થયો ન હોવાની રજૂઆત કરાઈ છે. છાત્રાલયની ચાર બિલ્ડિંગ પૈકી એકમાં મીઠું પાણી માત્ર આશરે એક કલાક મળતું હોવાનો અને બાકીના સમયે ખારું પાણી આવતું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વોટર કૂલરની સંખ્યા પણ અપૂરતી, કોલેજના સમયને કારણે મેસમાં ભોજન ન લઈ શકતી વિદ્યાર્થીનીઓ માટે ટિફિન લઈ જવાની સુવિધા, પ્લેટોની યોગ્ય સફાઈ, કોમન સિટિંગ એરિયા અને બાકડા અંગે વ્યવહારુ નિયમો તથા ઓનલાઈન ફૂડ ડિલિવરી અંગે સ્પષ્ટ લેખિત નીતિ બનાવવાની પણ માંગ કરવામાં આવી છે. વિદ્યાર્થિનીઓએ અગાઉના તમામ આશ્વાસનો અંગે લખિત એક્શન રિપોર્ટ અને સમયમર્યાદા જાહેર કરવા તેમજ વોર્ડન અને સંબંધિત અધિકારીઓ દ્વારા નિયમિત નિરીક્ષણ અને વિદ્યાર્થીનીઓ સાથે ગ્રિવન્સ મીટિંગ યોજવાની માંગ કરી છે.

રોકાણકારોને આકર્ષવા માટે સરકાર દ્વારા માર્ગદર્શિકા જાહેર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રચાયેલી જીસીસી નીતિને હવે માર્ગદર્શિકાથી વેગ મળશે

આ માર્ગદર્શિકા નવાં કેન્દ્રોની સ્થાપના, વિસ્તરણ અને પ્રોત્સાહક સહાય માટે સ્પષ્ટ માળખું પૂરું પાડે છે

માર્ગદર્શિકાના મુખ્ય મુદ્દા કયા કયા છે?

- » ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા વહીવટ
- » પાત્રતા અને સહાયની શરૂઆત
- » ખર્ચ અને રોકાણ સહાય
- » દાવાની પ્રક્રિયા (ક્લેમ પ્રોસેસ)

ગાંધીનગરઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે રાજ્યમાં 'વૈશ્વિક ક્ષમતા કેન્દ્રો' (Global Capability Centers - GCC) ના વિકાસને વેગ આપવા માટે 'જીસીસી નીતિ 2025-30' હેઠળ 'કાર્યકારી માર્ગદર્શિકા 1.0' જાહેર કરી છે. આ માર્ગદર્શિકા નવા કેન્દ્રોની સ્થાપના, વિસ્તરણ અને પ્રોત્સાહક સહાય માટે સ્પષ્ટ માળખું પૂરું પાડે છે. વિજ્ઞાન અને ટેક્નોલૉજી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાનાં નેતૃત્વ હેઠળ જાહેર કરાયેલી આ માર્ગદર્શિકાની વિશેષતા એ છે કે ઈન્સેન્ટિવ માટેની અરજીથી લઈને ક્લેમની ચકાસણી અને ચુકવણી સુધીની કામગીરી એક જ ડિજિટલ પ્લેટફૉર્મ પર થશે.

સુરતમાં આજે 1200 આયુર્વેદ-યુનાની તબીબોની કોન્ફરન્સનું આયોજન

કોન્ફરન્સમાં તબીબોનું જ્ઞાન વધે તે માટે વિવિધ મેડિકલ એજ્યુકેશન સેમિનારનું પણ આયોજન

સુરતઃ દક્ષિણ ગુજરાત ઝોનમાં નોંધાયેલા આયુર્વેદ અને યુનાની તબીબો માટે એક દિવસીય રાજ્યકક્ષાની પરિષદ 'GCAU વંદે આયુકોન-3'નું રવિવાર, તા. 04 ઑક્ટોબર 2026ના રોજ સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર (SIECC)ના પ્લેટિનમ હોલ ખાતે સવારે 8:00થી સાંજે 6:00 કલાક દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. આ પરિષદમાં સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી 1200થી વધુ રજિસ્ટર્ડ તબીબો સહભાગી થશે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI)ના સહયોગથી ગુજરાત કાઉન્સિલ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ્સ ઑફ મેડિસિન દ્વારા આયોજીત આ કોન્ફરન્સ અંગે ગુજરાત આયુર્વેદિક કાઉન્સિલના પ્રમુખ ડો. જિજ્ઞેશ યુ. પટેલે વિગતો આપતાં જણાવ્યું હતું કે, આ કોન્ફરન્સનું વિધિવત ઉદ્ઘાટન કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલના હસ્તે સંપન્ન થશે. આ પ્રસંગે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયા મુખ્ય અતિથિ પદે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. આ સમારોહમાં ભારત સરકારના આયુષ વિભાગ હેઠળના બોર્ડ ઓફ એથિક્સ અને રજિસ્ટ્રેશન NCISM (દિલ્હી)ના પ્રમુખ ડો. સુશ્રુત કનૌજીયા, નેશનલ કમિશન ફોર ઈન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસિન (NCISM)ના મેડિકલ એસેસમેન્ટ એન્ડ રેટિંગ બોર્ડના પ્રમુખ ડો. મુકુલ પટેલ, ગુજરાત રાજ્યના આયુષ નિયામક ડો. જયેશ પરમાર તેમજ ગુજરાત આયુર્વેદ યુનિ.ના વાઈસ ચાન્સલર ડો. માનસી દેશપાંડે વિશેષ ઉપસ્થિત રહેશે. કોન્ફરન્સ દરમિયાન તબીબોના ક્લિનિકલ જ્ઞાનવર્ધન માટે સ્પેશિયલ કન્ટીન્યુઇંગ મેડિકલ એજ્યુકેશન (CME) સત્રોનું આયોજન કરાયું છે.

'પટેલ, વાણિયા કે બ્રાહ્મણ મેલું ઉપાડે તો 50 હજાર આપીશ': વાઘેલાનો વિવાદ

સાગબારાની સભામાં અનામત અને આદિવાસી અધિકારોના મુદ્દે વાઘેલાનું નિવેદન

ગાંધીનગરઃ નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના ખોપી ગામે ગાંધી જયંતીના દિવસે યોજાયેલી જાહેરસભામાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ અનામત અને આદિવાસીઓના અધિકારોના મુદ્દે કરેલા નિવેદનથી ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. અનામતનો વિરોધ કરનારાઓને નિશાન બનાવી વાઘેલાએ પટેલ, વાણિયા અને બ્રાહ્મણ સમાજનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, "મેલું ઉપાડવાની નોકરી કરવી હોય તો પછી ભલે તમે વાણિયા, બ્રાહ્મણ કે પટેલ હોવ, મેલું ઉપાડવા બદલ મહિને 50 હજાર રૂપિયા હું આપીશ." આ નિવેદનનો વીડિયો સામે આવ્યા બાદ વિવિધ સમાજોના અગ્રણીઓએ વાઘેલા સામે વિરોધ નોંધાવ્યો છે. સાગબારામાં જંગલની જમીનના ખેડાણ મુદ્દે ચાલી રહેલા વિવાદના સંદર્ભમાં યોજાયેલી સભામાં વાઘેલાએ નિવેદનો કર્યા હતા.

બ્રહ્મ સમાજનો વિરોધ, ત્રણ દિવસમાં માફીની માંગ

વાઘેલાના નિવેદન સામે રાજકોટ સહિતના બ્રહ્મ સમાજના અગ્રણીઓએ આકરો વિરોધ નોંધાવ્યો છે. બ્રહ્મ સમાજના અગ્રણી હિરેન જોષીએ આ પ્રકારના નિવેદનથી સમાજોમાં વર્ગવિગ્રહ ઊભો કરવાનો પ્રયાસ થતો હોવાનો આક્ષેપ કરી જાહેર માફીની માગ કરી છે. તેમણે ચીમકી આપી છે કે ત્રણ દિવસમાં વાઘેલા જાહેરમાં માફી નહીં માગે તો સવર્ણ સમાજના અગ્રણીઓ આગામી વ્યૂહરચના નક્કી કરી તેમના 'વસંત વગડો' નિવાસસ્થાન ખાતે વિરોધ પ્રદર્શન કરશે.

પાટીદાર અગ્રણીઓ પણ મેદાનમાં

વાઘેલાના નિવેદનને પગલે પાટીદાર સમાજના અગ્રણીઓએ પણ વિરોધ નોંધાવ્યો છે. ખોડલધામના ટ્રસ્ટી દિનેશ બાંભણિયાએ આ પ્રકારની ટિપ્પણીને ચોક્કસ સમાજને ખુશ કરવા માટે કરવામાં આવેલી ગણાવી સમાજો વચ્ચે વર્ગવિગ્રહ ઊભો કરવાનો પ્રયાસ ગણાવ્યો છે.

ઉમિયાધામના પ્રમુખે ટિપ્પણીથી અંતર રાખ્યું

વાઘેલાના નિવેદન અંગે પાટીદાર સમાજની સંસ્થા ઉમિયાધામના પ્રમુખ બાબુ જમનાદાસ પટેલે કોઈ પ્રતિક્રિયા આપવાનું ટાળ્યું છે. તેમણે આ મુદ્દે "મારે કંઈ બોલવું નથી" કહીને ટિપ્પણીથી અંતર રાખ્યું છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

કેસર-પિસ્તા...

થતાં ફાફડા-જલેબીના ભાવમાં વધારો થવાનો અંદાજ છે. જલેબીનો ભાવ કિલોદીઠ રૂ.700ને પાર જવાની શક્યતા છે. ભાગળ વિસ્તારના મીઠાઈના હોલસેલ તથા છૂટક વેપારી હિમાંશુ સુતરિયાના જણાવ્યા મુજબ આ વર્ષે બંને વાનગી બનાવવા માટે વપરાતી કાચી સામગ્રીના ભાવમાં વધારો થયો છે. ચણાનો લોટ, તેલ, ઘી, કેસર, ખાંડ ઉપરાંત ગેસ અને મજૂરીના ખર્ચમાં વધારો થતાં તેની સીધી અસર તૈયાર માલના ભાવ પર જોવા મળશે.

ગત વર્ષે ફાફડાનો ભાવ કિલોદીઠ આશરે રૂ.520 હતો. આ વર્ષે તેમાં રૂ.40થી રૂ.50નો વધારો થવાની શક્યતા છે અને ભાવ આશરે રૂ.570ની આસપાસ રહેવાનો અંદાજ છે. બીજી તરફ ગત વર્ષે કિલોદીઠ રૂ.660ના ભાવે વેચાયેલી જલેબીના ભાવમાં આ વર્ષે આશરે રૂ.50નો વધારો થવાની શક્યતા છે. પરિણામે જલેબીનો ભાવ રૂ.700ને પાર જઈ શકે છે. દશેરાના દિવસે મોટી સંખ્યામાં લોકો ફાફડા-જલેબીની ખરીદી કરતા હોવાથી ભાવ વધારા છતાં માંગમાં ખાસ ઘટાડો થાય તેવી શક્યતા વેપારીઓને જણાતી નથી. જોકે, મોંઘવારીના માહોલ વચ્ચે આ વખતે દશેરાની પરંપરાગત મીઠાશ માટે સુરતીઓએ વધુ રકમ ખર્ચવી પડશે.

ઘારી તથા...

રહેતી હોય છે. ખાસ કરીને તહેવારો દરમિયાન લોકો પરિવારજનો, સગાં-સંબંધીઓ અને મિત્રોને મીઠાઈની ભેટ આપતા હોવાથી વેચાણમાં વધારો થાય છે. જોકે, આ વર્ષે ભાવવધારાને કારણે ગ્રાહકોએ મીઠાઈની ખરીદી માટે અગાઉની સરખામણીએ વધુ રકમ ચૂકવવી પડશે.

ગત વર્ષે ફાફડાનો ભાવ કિલોદીઠ આશરે રૂ.520 હતો. આ વર્ષે તેમાં રૂ.40થી રૂ.50નો વધારો થવાની શક્યતા છે અને ભાવ આશરે રૂ.570ની આસપાસ રહેવાનો અંદાજ છે.

ઘારી તથા...

લાગી હોવાનો કંટ્રોલ મેસેજ મળતા ફાયર વિભાગનો આખો કાફલો તાકીદે ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

વિગતવાર માહિતી મુજબ, સચિન વિસ્તારમાં તલંગપુર રોડ પર ગજાનંદ કોમ્પ્લેક્સની બાજુમાં આવેલી આ એ ટુ ઝેડ મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ગ્રાઉન્ડ પ્લસ છ માળની ઇમારત ધરાવે છે. જેમાં ગ્રાઉન્ડથી ચોથા માળ સુધી હોસ્પિટલનું સંચાલન થાય છે, જ્યારે પાંચમા માળે ફરજ બજાવતા નર્સિંગ સ્ટાફના રહેવાની વ્યવસ્થા કરાઈ છે. આગને કારણે હોસ્પિટલમાં ભડકો થયો હોવાનો મેસેજ વાયરલ થતાં અને કંટ્રોલ રૂમમાં હોસ્પિટલમાં આગનો કોલ મળતાં જ ભેસ્તાન, ડિંડોલી, ભીમરાડ, વેસુ, ડુંભાલ અને માન દરવાજા ફાયર સ્ટેશનથી આઠ ગાડીઓ અને રેસ્ક્યુ કામગીરી માટે બે ટીટીએલ મશીન સ્થળ પર રવાના કરાયા હતા. રાહતના સમાચાર એ હતા કે આગની ઘટના હોસ્પિટલના મુખ્ય વોર્ડમાં નહીં પરંતુ ઉપરના ગેરકાયદે રહેણાંક રૂમમાં બની હતી. હોસ્પિટલમાં દાખલ ચારથી પાંચ દર્દીને સમયસૂચકતા વાપરી સલામત રીતે નીચે ઉતારી લેવાયાં હતા. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી આગને સંપૂર્ણ કાબૂમાં લીધી હતી.

પાણીની લાઈન...

આગ્રહભરી અપીલ કરવામાં આવી છે. પાઈપલાઈન બદલવાનું કામ પૂર્ણ થતાંની સાથે જ તમામ વિસ્તારોમાં પૂર્વવત અને નિયમિત રીતે પાણી પુરવઠો પુનઃ શરૂ કરી દેવામાં આવશે.

વકીલોની આગામી...

પટેલની આગેવાની હેઠળ મુખ્યમંત્રી અને કાયદામંત્રીને રૂબરૂ મળીને આ વિધેયકમાં તાત્કાલિક સુધારો કરવા અને જ્યુડિશિયલ ઓથોરિટીને ન્યાયિક સત્તાઓ પરત સોંપવા માટે ઉગ્ર રજૂઆત કરશે.

શું છે...

અભાવ હોય છે. વળી, પુરાવા લેવા અને તેનું મૂલ્યાંકન કરવા જેવી ન્યાયિક બાબતોમાં એડમિનિસ્ટ્રેટિવ અધિકારીઓ કરતાં જ્યુડિશિયલ ઓથોરિટી વધુ સક્ષમ હોય છે. આ ફેરફારથી વકીલો, પક્ષકારો અને સામાન્ય પ્રજાજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડશે.

'તું સુગરવાળી...

માંગણી ચાલુ રાખી હતી. એપ્રિલ-૨૦૨૩માં પરિણીતા કંપનીના કામે અમદાવાદ ગઈ ત્યારે પાછળથી મુંબઈ અને સુરતના ઘરને તાળાં મારી પતિએ તેનો નંબર બ્લોક કરી દીધો હતો. બાદમાં તપાસ કરતા પતિ યશનું અન્ય સ્ત્રી સાથે અફેર ચાલતું હોવાનું ખુલ્લું પડ્યું હતું. આખરે ત્રાસથી કંટાળી પરણિતાએ અડાજણ પોલીસ મથકે પતિ યશ પટેલ, સસરા બોબી પટેલ, સાસુ દક્ષા પટેલ અને દિયર સિદ્ધાંત વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ભાડા વિધેયક...

વિરોધનો સુર ઉઠ્યો છે. આ વિવાદને પગલે 'બાર કાઉન્સિલ ઓફ ગુજરાત' (BCG) દ્વારા તાત્કાલિક ધોરણે વર્ચ્યુઅલ અસાધારણ સભા ચેરમેન પી ડી પટેલની અધ્યક્ષતામાં બોલાવવામાં આવી હતી, જેમાં આગામી સોમવાર તા. ૦૫/૧૦/૨૦૨૬ થી જ્યાં સુધી સંતોષકારક ઉકેલ ન આવે ત્યાં સુધી ગુજરાતની તમામ કોર્ટો, ટ્રિબ્યુનલ્સ અને રેવેન્યુ કચેરીઓના કામકાજથી વકીલો સ્વૈચ્છિક રીતે અળગા રહેવાની જાહેરાત કરવામાં આવી છે.

વકીલોનું ત્રણ દિવસથી પ્રદર્શન, BCGનું પૂરું સમર્થન

છેલ્લા ત્રણ દિવસથી રાજ્યભરના વકીલો અને વકીલ મંડળો દ્વારા સ્વૈચ્છિક રીતે કોર્ટના કામકાજથી અળગા રહીને વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સેક્રેટરી સિદ્ધિ ડી. ભાવસાર દ્વારા તમામ બાર એસોસિએશનોને મોકલવામાં આવેલા પત્ર અને ઠરાવ મુજબ, BCGએ વકીલોના આ આંદોલનને સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું છે.

બીસીજી સુરતનાં છ સભ્યો પણ બેઠકમાં જોડાયાં

સુરત સહિત ગુજરાતભરના વકીલો ગુજરાત ભાડા વિધેયકની સામે આંદોલન ચલાવી રહ્યા છે. આ મુદ્દે વધુ આક્રમકતાથી લડત ચલાવવા માટે અમદાવાદ ખાતે ગુજરાત બાર કાઉન્સિલના ચેરમેન પી ડી પટેલનાં અધ્યક્ષસ્થાને અગત્યની બેઠક મળી હતી. આ બેઠકમા કેટલાંક બીસીજીના સભ્યો ઝુમ વિડીયો કોન્ફરન્સથી જોડાયાં હતાં. અમદાવાદ ખાતે મળેલી આ બેઠકમાં સુરતનાં બીસીજી સભ્ય ઝકી શેખ, હરેશ નાકરાણી, હિતેષ પટેલ, ભાવેશ રબારી હાજર રહ્યાં હતાં જ્યારે સુરત કોર્ટ સંકુલ ખાતેથી બીસીજી સભ્ય પ્રિતીબેન જોષી અને હિરલ પાનવાલા વિડીયો કોન્ફરન્સથી જોડાયાં હતાં.

હડતાળનાં...

સહિતના વકીલો સવારથી આવી જઈ ગેટ બંધ કરી દીધા હતા અને પક્ષકારો, વકીલોને એન્ટ્રી આપવામાં આવતી ન હતી. આજે વકીલોએ એકસાથે રાષ્ટ્રગીતનું ગાન કરી રાષ્ટ્રભાવનાને અભિવ્યક્ત કરી હતી. દરમિયાન એક વકીલની બારનાં પદાધિકારીઓ સાથે અંદર જવા બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ વકીલનુ કહેવું એવું હતું કે અત્યાર સુધી ૧૯ જેટલાં વકીલોએ કામ સબમિટ કરાવ્યું હતું તેમને કેમ અટકાવવામા આવ્યાં નહીં. આ મુદ્દે ઉપસ્થિત વકીલો દ્વારા એ વકીલને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે હડતાળ દરમિયાન કામ રજુ કરનારા વકીલો સામે જ્યારે બારની બેઠક મળશે ત્યારે જે કંઈ નિર્ણય લેવાનો થશે? એ સર્વાનુમતે લેવાશે.

પુરી-અમદાવાદ ટ્રેનમાંથી 11.242 કિલો ગાંજો મળ્યો

જનરલ કોચમાં ચેકિંગ દરમિયાન બાથરૂમ પાસે બે કાળી બેગમાંથી રૂ.5.62 લાખનો ગાંજો મળી આવતાં અજાણ્યા શખ્સ સામે ફરિયાદ

સુરતઃ સુરત રેલવે સ્ટેશન પર નશીલા પદાર્થોની હેરાફેરી સામે એન્ટિ નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF), CID ક્રાઈમ સુરત ઝોનની ટીમે કાર્યવાહી કરી હતી. પ્લેટફોર્મ નં.3 પર ઊભેલી પુરી-અમદાવાદ એક્સપ્રેસના જનરલ કોચમાં સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન બાથરૂમ પાસેના પેસેજમાંથી બિનવારસી હાલતમાં પડેલી બે કાળી બેગ મળી આવી હતી. બેગની તપાસ કરતાં તેમાંથી 11.242 કિલો ગાંજો, કિંમત રૂ.5,62,100 મળી આવ્યો હતો.

ANTFની ટીમ નશીલા પદાર્થોની હેરાફેરી શોધવા માટે વોચ અને સરપ્રાઈઝ ચેકિંગમાં હતી. દરમિયાન ટ્રેન નં.12843 પુરી-અમદાવાદ એક્સપ્રેસ સુરત રેલવે સ્ટેશન પર આવતાં ટીમે જનરલ કોચમાં તપાસ શરૂ કરી હતી.

એન્જિન પછીના બીજા જનરલ કોચમાં પાછળના બાથરૂમ નજીકના પેસેજમાં બે કાળી સ્કૂલ બેગ શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી. બેગ અંગે આસપાસના મુસાફરોને પૂછપરછ કરવામાં આવી હતી, પરંતુ કોઈ મુસાફરે બેગ પોતાની હોવાનું જણાવ્યું નહોતું.

જેથી પોલીસે પંચોને બોલાવી બેગ ખોલી તપાસ કરતાં તેમાં 5.62 લાખનો 11.242 કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો. ટીમે ગાંજો ભરેલી બે બેગ જપ્ત કરી અજાણ્યા ઈસમ વિરુદ્ધ એન.ડી.પી.એસ. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. ગાંજાનો જથ્થો ટ્રેનમાં કોણે મૂક્યો હતો, ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે સહિતની દિશામાં ANTF દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.